dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
December 2014 | For private circulation only | Vol. 06 - Issue 144

ભાગ્ય કદી નબળા મનના
લોકોની પડખે ઊભું રહેતું નથી.
- સોફોકલસ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

"મારા માટે ઈશ્વરની કોઈ યોજના છે, હું તો માત્ર તેનો અમલ કરું છું": આ શબ્દો ભારતી ગ્રૂપના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર સુનીલ ભારતી મિત્તલના છે. ઈશ્વર પ્રત્યેક વ્યકિત માટે યોજનાઓ ઘડે છે. સવાલનો સવાલ એ છે કે, ઈશ્વરે જેને માટે યોજનાઓ ઘડી છે તે તેનો અમલ કરે છે ખરો ? એવી અનેક વ્યકિતઓ છે જે માત્ર નસીબ પર મીટ માંડીને બેસી રહે છે. પોતાની સ્થિતિ-પરિસ્થિતિ માટે તેઓ પોતાના જ નસીબને ખરી ખોટી ભાંડયા કરે છે. પડકારોના પહાડ ઓળંગવા માટે એમનું મન સહેજે ય તૈયાર નથી હોતું. કોઈ કાલ્પનીક નિર્બળતાઓની જંજીરોમાં તેઓ જકડાઈ જાય છે ને એમાંથી મુકત થવાની હિંમત ખોઈ બેઠા છે. નિરાશા જ તેમને નિષ્ફળતાની ખીણમાં ધકેલી રહી છે તે તેમને સમજાતું નથી. પોતાનામાં રહેલી અચેતન ઊર્જાને જગાડવાનો પ્રયાસ શુધ્ધા ન કરનાર સિધ્ધિઓથી વંચિત રહી જાય તેટલી સાદી સમજણ પણ જેનામાં ન પ્રગટી હોય તેને ઈશ્વર પણ મદદ નથી કરતો.

અકબર-બીરબલની એક બહુ નાની વાર્તા મારી શાળાના એક શિક્ષકે મને સંભળાવી હતી તે વાર્તાએ મને હંમેશા પ્રેરણા-હિંમત આપી છે. વાર્તા આ પ્રમાણે છેઃ પોતાના રાજ્ય માટે અકબરને એક સહમંત્રીની જરૂર પડી. અકબરે બીરબલની સલાહ લીધી. બીરબલે રાજાને કહ્યું કે આપણે એક તોતીંગ દરવાજો બનાવીએ અને રાજ્યમાં ઢંઢેરો પીટાવીએ કે, આ દરવાજો જે એકલે હાથે ખોલી આપશે તેને રાજ્યનો સહમંત્રી બનાવવામાં આવશે. અકબરે બીરબલના કહયા પ્રમાણે કર્યું. બીરબલે તોતીંગ દરવાજો બનાવ્યો. ઢંઢેરો પીટાવ્યો. સહમંત્રી બનવા ઉત્સુક લોકો ભેગા થયા. કેટલાક તો દૂરથી જ તોતીંગ દરવાજાને જોઈ હિંમત હારી બેઠા. નાલાશી થશે એ ડરે ઊભા જ ન થયા. કેટલાક દરવાજા પાસે ગયા અને પાછા ફર્યા. ભેગા થયેલાઓમાંથી એક માણસ ઊભો થયો. દરવાજા પાસે ગયો. દરવાજાને સહેજ ધકકો માર્યો ને સૌના આશ્ચર્ય વચ્ચે દરવાજો ખૂલી ગયો. હકીકતમાં દરવાજો તોતીંગ હતો જ નહીં. પણ એ તોતીંગ લાગે એવો આભાસ ઊભો કરવામાં આવ્યો હતો. બીરબલને તો બસ એટલું જ જોવું હતું કે પોતાની જાત પર કોને વિશ્વાસ છે. પ્રયત્ન કોણ કરે છે ? મારા શિક્ષકે મને આ વાર્તાએ મારા દ્રષ્ટિબિંદુને બદલવામાં મોટો ભાગ ભજવ્યો છે. નિરાશા અને જાતભરનો અવિશ્વાસ જીવનની ઉત્તમ તકથી આપણને દૂર કરી દે છે. પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવતા શીખવું જોઈએ. વિઘ્નો, મુશ્કેલીઓ સામે હાથ જોડીને લાચારીપૂર્વક બેસી રહેવા કરતાં નિષ્ફળ જવાની હિંમત કેળવવી એ વધારે બહેતર છે. કેટલાય લોકો જીવનનાં ઉત્તમ વર્ષો સાહસના અભાવને કારણે વેડફી નાંખે છે. બીજી તરફ એવા લોકો પણ છે જેમણે સાહસના માર્ગે આગળ વધીને વિજયધ્વજ ફરકાવ્યો છે. કોઈકે લખ્યું છે :

"भाग्य के दरवाजे पर
सर पीटने से बहेतर है
कर्मों का तूफान पैदा करे
सारे दरवाजे खूल जायेंगे."

યાદ રહે કે વ્યકિતના સાહસ કરતાં કોઈ પણ લક્ષ્ય મોટું નથી હોતું પડકારોને અવરોધવા નહીં પણ અવરોધોને પડકારતા શીખવું જોઈએ.

જગતભરની પ્રતિભાસંપન્ન વ્યકિતઓનો અભ્યાસ કરશો તો જણાશે કે, નસીબને તેમણે કેવળ એક ટકા જેટલું જ મહત્વ આપ્યું છે જ્યારે પરિશ્રમને નવ્વાણું ટકા. નિષ્ફળતાથી મોટો બીજો કોઈ શિક્ષક નથી. તકલીફને જે વરદાન સમજે છે તે સફળતાનો રાજમાર્ગ કંડારી શકે છે. નેતૃત્વ ગુરૂ તરીકે પ્રખ્યાત રોબિન શર્માના મતે

"મુકિત ડરની પેલે પાર છે. ડર મૂકો એટલે મુકિત મળી જ સમજો. જેટલું વધારે જોખમ ઉઠાવશો એટલું વધારો પામશો"

લક આપણાં હાથમાં નથી પણ વર્ક આપણાં હાથમાં છે. વર્કમાં, મહેનતમાં શ્રધ્ધા રાખીશું તો શકય છે કે, સફળતા આપણી ધારણા કરતાં પણ વધારે મળે.

ઓશોએ કહયું છે :

कठिनाई और विरोध यह दो आधार एसे है जो तुम्हारे पराक्रम को निखारते हैं ।

તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## प्रबोधन




ભારતીય શિક્ષણ મંડળ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપક્રમે ''विकसित भारत के लिए शिक्षा नीति'' વિષય પરનું ''प्रबोधन'' તા. ૨૬/૧૨/૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ દરમ્યાન યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સના સભાગૃહમાં યોજાઈ ગયું. તા. ૨૬/૧૨/૨૦૧૪ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની અધ્યક્ષતામાં શ્રી સુરેશ (ભૈયાજી) જોશી (સરકાર્યવાહ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)એ ''विकसित भारत के लिए शिक्षा नीति'' વિષય પર ભારતીય શિક્ષણ પદ્ધતિ સંબંધિત ચિંતન સભર વ્યાખ્યાન પ્રસ્તુત કર્યુ હતું.




આદર્શ જીવનાર વ્યકિતને સમાજમાં માન મળે તેવું શિક્ષણ આપવું જોઈએ તેમ કહી મા. ભૈયાજી જોશીએ નવી પેઢી વધારે ચારિત્ર્યવાન બને તેવી શિક્ષણ નીતિની જરૂરિયાત જણાવી હતી.

તા. ૨૬/૧૨/૨૦૧૪ના રોજ ''प्रबोधन'' ના ઉદઘાટન પ્રસંગે કુલસચિવશ્રી ડૉ.જે.આર. મહેતા, ભારતના વિવિધ ક્ષેત્રોમાંથી પધારેલ શિક્ષણ શાસ્ત્રીઓ, યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળના પદાધિકારીશ્રીઓ અને યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો વિવિધ શાળાના શિક્ષકમિત્રોની વિશાળ ઉપસ્થિતિમાં કાર્યક્રમનું ઉદઘાટન કરતાં કુલપતિશ્રી ડૉ.દક્ષેશ ઠાકરે ઉપસ્થિત સૌને આવકાર આપતાં શિક્ષણ વિષે અર્થસભર ચિંતન પ્રસ્તુત કર્યુ હતું. ઉદઘાટન સમારંભનું સંચાલન નાયબ કુલસચિવશ્રી અને ''प्रबोधन''ના સંયોજકશ્રી ડૉ.રમેશદાન ગઢવીએ કર્યુ હતું. સમાપન બેઠક શ્રી અનિરૂધ્ધ દેશપાંડેના મૂલ્યવાન વિચારોથી પૂર્ણ થઈ હતી.






સમગ્ર ભારતભરમાંથી ૨૦૦ ઉપરાંત અધ્યાપકો દ્વારા યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સના સભાગૃહમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેમજ શિક્ષણ મંડળના નેજા હેઠળ ભારતીય શિક્ષણ નીતિના મંથનના કાર્યક્રમમાં મેડીકલ અને ઈજનેરી જેવા ક્ષેત્રો ઉપરાંત દરેક વ્યકિતને ઉત્તમ શિક્ષણ મળી રહે તે માટેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.






















## યુ.જી.સી.-ગ્રાન્ટ



૨૦૧૨ની સાલમાં વિશ્વમાં આશરે ૩૪.૭ કરોડ લોકો ડાયાબીટીસ (મધુપ્રમેહ)ના શિકાર હતા અને તેમાંથી ૧૫ લાખ લોકો આ રોગથી મૃત્યુ પામેલ છે. ડાયાબીટીસના આ રોગથી મૃત્યુ પામેલ વ્યકિતઓમાંથી ૮૦% લોકો અલ્પવિકસિત તથા અવિકસિત દેશોના છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના એક પ્રોજેકટના આંકડા અનુસાર ૨૦૩૦ની સાલ સુધીમાં ડાયાબીટીસ વિશ્વમાં સાતમાં રોગના ક્રમાંકે હશે જેના વ્યકિત મૃત્યુ પામશે. આમ આજે સામાન્ય લાગતો ડાયાબિટીસ રોગ નજીકના ભવિષ્યમાં ઘણો જીવલેણ સાબિત થઈ શકે છે. આ બાબતને ગંભીરતાથી લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના વડા પ્રો. કે. સી. પટેલે એન્ટીડાયાબિટીક ડ્રગના સંશ્લેષણ તથા તેની ક્રિયાશીલતાના અભ્યાસ માટે એક પ્રોજેકટ તૈયાર કર્યો. જેનો યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, નવી દિલ્હીના નિષ્ણાતોએ સ્વીકાર કરી ડૉ. કે. સી. પટેલને રૂપિયા ૧૧.૪૬ લાખની ગ્રાંટ તાજેતરમાં ફાળવવામાં આવી છે. આખા દેશમાંથી આશરે ૧૦૦૦ જેટલાં પ્રોજેકટમાંથી માત્ર ૫૦ જેટલાં પ્રોજેકટ જ રીસર્ચ ફેલો સહિત પસંદગી પામેલ હતા. જેમાં ડૉ. પટેલના પ્રોજેકટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ડૉ. પટેલે આ માટે યુજીસી, નવી દિલ્હી ખાતે પ્રોજેકટનું સવિસ્તાર પ્રેઝન્ટેશન કર્યું હતું. જેના સંદર્ભમાં તેમને આ પ્રોજેકટની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેકટ માટે તેમને એક જુનીયર રીસર્ચ ફેલો (JRF) પણ મંજુરી આપવામાં આવી છે અને તદ અનુસાર સદરહુ રીસર્ચ સ્કોલરને દર મહિને આશરે રૂપિયા ૨૪૦૦૦/- ની ફેલોશીપ મળશે. એકેડેમીક અને સંશોધન ક્ષેત્રે મળેલ આ સિધ્ધિ બદલ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર તથા કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતાએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઉજવણી

તા. ૩૦/૧૨/૧૪નાં રોજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝીકસે IYCR (International Year of Crystallography Day) ની ઉજવણી કરી. મટીરીયલ સાયન્સના વિદ્યાર્થી તુષાર વઘાસિયાએ કાર્યક્રમની અને IYCR વિષેની પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી. ત્યારબાદ વિભાગીય અધ્યક્ષ ડૉ. કે.સી. પોરીયાએ IYCR કયારે, કોણે અને કયા કારણોસર ઉજવવામાં આવે છે એનાં વિષે માહિતી આપી. તેમજ ક્રિસ્ટલ શું છે તે પણ સમજાવ્યું. તથા ગુજરાતમાં આ વિષયના ખ્યાતનામ અધ્યાપકોનાં નામ અને તેનાં કાર્ય અંગેની માહિતી આપી હતી. સરપ્રાઈઝ લોન્ચિંગ સેરેમનીમાં તુષારનાં ભાઈ હિરેન વઘાસિયા તરફથી મળેલ એન્ડ્રોઈડ એપ્લીકેશનની રજુઆત થઈ. એક ગેઈમ માટેની જાહેરાત કરવામાં આવી. જેનું નામ હતું રેપ્લિકા ફાઈન્ડર. જેમાં ઘણાં વિદ્યાર્થીઓએ ઉન્સાહથી ભાગ લીધો. જેમાં યુનિવર્સિટીનાં કેમ્પસમાંથી એવાં નમૂના શોધ્યા જે ક્રિસ્ટલની ગોઠવણીને અનુસરતાં હોય. આવા નમૂનાઓનાં ગ્રુપ બનાવેલાં વિદ્યાર્થીઓએ ફોટા એકત્રિત કર્યા. વિભાગમાં એક ક્રિસ્ટલોગ્રાફી

અંગેનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જુદાં જુદાં પ્રકારના ક્રિસ્ટલનાં સ્ટ્રકચરો ગોઠવેલા હતાં. જેમાં Bcc crystal, cubic system, બ્રિલિયમ ઝોન્સ ઓફ બી.સી.સી. લેટાઇસ, ડાયમન્ડ સ્ટ્રકચર, ઝિંક સલ્ફાઇ (zns) ટ્રાયકિલનીક ક્રિસ્ટલ સીસ્ટમ, બેઝ સેન્ટરડ મોનોકિલનીક, મોનોકિલનીક, સિમ્પલ રોહમ્બોહેડ્રલ, બેઝ સેન્ટર ઓર્થોરોમ્બિક, ઓર્થોરોહમ્બીક, ફેઝ સેન્ટર ઓર્થોરોહમ્બિક, બોડી સેન્ટર ઓર્થોરોહમ્બિક, બોડી સેન્ટર ટેટ્રાગોનલ, સિમ્પલ ટેટ્રાગોનલ, નેચરલ ક્રિસ્ટલ, ગ્રોથ ઓફ KDP ક્રિસ્ટલ, કેલ્સાઇડ, બાયો મટિરિયલ અને બકી બોલનાં નમૂનાઓ હતાં. તદુપરાંત ક્રિસ્ટલને લગતાં અલગ અલગ કાર્ટુન, કેલેન્ડર પણ ગોઠવેલાં હતાં. જેનાં દ્વારા આપણને રોજીંદા જીવનમાં જોવા મળતાં ક્રિસ્ટલની માહિતી મળતી હતી. ત્યારબાદ પ્રદર્શનમાં વિભાગમાં વિકસાવેલ શેપ મેમોરી ધરાવતું સ્માર્ટ મટિરિયલ. આ સ્માર્ટ મટિરિયલ નિકલ અને ટિટેનીયમનું બનેલું છે. જેને "નિટિનોલ" નામ આપવામાં આવ્યું છે. બપોરે ફર્મી સેમિનાર વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ક્રિસ્ટલનાં જુદા જુદા વિષયો વિશે માહિતગાર કર્યા. પ્રોગ્રામનો અંત વિભાગનાં જનરલ સેક્રેટરી ધર્મેશ ઝિંઝાલાએ "ક્રિસ્ટોલોગ્રાફી ડે"ના એહવાલનું વાંચન કર્યુ હતું. અને ગ્રુપ ફોટો સાથે પ્રોગ્રામને પૂર્ણ કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમમાં વિભાગનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉંડો રસ દાખવ્યો હતો.

## સ્પર્ધા



એલ.એન.આઈ.પી.ઈ., ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી જીમ્નાસ્ટીકસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. આ ટીમને કોચશ્રી કપીલ ખલાસીએ કોચીંગ આપ્યું હતું અને મનેજર તરીકે પ્રો. ધર્મેશ પટેલે સેવા આપી હતી. ભાઈઓની ટીમ : ૧) રેશમવાલા વત્સલ બી., ૨) જાદવ સાગર આર., ૩) વસાવા રાહુલ આર., ૪) ઈચ્છાપોરીયા જલદીસ ડી., ૫) રાણા વિશાલ પી., ૬) કાપડીયા કરણ બી., ૭) પટેલ અક્ષય આર., ૮) રાઠવા રાકેશ એમ., ૯) રાઠવા વિરેન્દ્ર પી., બહેનોની ટીમ : ૧) કુ. ત્રિવારી જ્યોતિ જે., ૨) કુ. ગામિત રોનીકા આર., ૩) કુ. રાઠવા સંજુ આર., ૪) કુ. પટેલ સ્વેતા વી.

ભારતી વિદ્યાપીઠ યુનિવર્સિટી, પૂણે મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટ બોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે. આર. મહેતાના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતીં. આ ટીમને કોચ શ્રી આર સી. ભાલાવાલાએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે પ્રો. હિતેષ પાનસુરીયા સેવા આપી હતી. ટીમ : ૧) અગ્રવાલ શુભમ આર., ૨) તન્ના લખન જી., ૩) શારદો કૌશલ્ય કે., ૪) ચહર આશિષ જે., ૫) ચોકસી ઝીલ એસ., ૬) પટેલ પ્રશાંત પી., ૭) પટેલ રાજ એમ., ૮) નારવાડે ગૌતમકુમાર વાય., ૯) વસાવા પિયૂષકુમાર આર., ૧૦) દેસાઈ ભાવિન આર., ૧૧) શર્મા અભિષેક પી., ૧૨) મલકાણી આસીમ એ.



એલ.એન.આઈ.પી.ઈ., ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી ફુટબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા નાયબ કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. આ ટીમને કોચશ્રી મોહમંદ ધુપલીએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે પ્રા. મયૂર પટેલે સેવા આપી હતી. ટીમ : ૧) ભામ બીલાલ એ., ૨) સુરતવાલા ફેનીલ બી., ૩) બીડીવાલા નાસીરહુસેન જી., ૪) પઠાણ ફેઝલખાન આઈ., ૫) સૈયદ મા. સોયેબ. એમ., ૬) અનસારી મુનાફ કે., ૭) શેખ મા. અઝાઝ એ., ૮) મહેતા આસીમ એસ., ૯) સિદદીકી એમ.કે.એચ., ૧૦) ઈસ્માઈલ આરીફ સી., ૧૧) પઠાણ ફેઝલ એલ., ૧૨) ખાન એસ.એસ., ૧૩) ગાવલી એસ.એમ., ૧૪) વોહરા ઉઝૈર જી., ૧૫) સિદદીકી મુરતુઝા એ., ૧૬) મહાલા પ્રિતેશ એલ.



# કોલેજ ન્યૂઝ

## તાલીમ




વલસાડ જીલ્લા સહકારી સંઘના ઉપક્રમે વલસાડની શ્રીમતી જે.પી.ઓફ આર્ટસ કોલેજમાં યુવક-યુવતીઓ માટે તા.૨૫/૯/૧૪ થી તા.૨૦/૯/૧૪ દરમ્યાન સહકારી શિક્ષણ તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આચાર્યશ્રી ડૉ. જી. એમ. બુટાણીએ દીપપ્રાગટય દ્વારા તાલીમવર્ગનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. તે પ્રસંગે આચાર્યશ્રી દ્વારા તાલીમવર્ગની સફળતા માટે શુભેચ્છા પાઠવી વૈશ્વિક સ્તરે સહકાર દ્વારા સમાજનો વિકાસ અને વિશ્વના રાષ્ટ્રોનો વિકાસ ઈઝરાયલના દ્રષ્ટાંત સાથે વિસ્તૃત સમજ આપી હતી.આ તાલીમવર્ગમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને સહકારના સિધ્ધાતો, સહકારી મંડળીઓની સ્થાપના, માળખું કાર્યક્ષેત્ર અને હાલમાં સ્વરોજગારી માટે તેનું મહત્વ અંગે વિસ્તૃત સમજ મેળવી હતી. તાલીમવર્ગના પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી વલસાડ જીલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી હરીસિંહ ઝેડ. સોલંકી દ્વારા ગુજરાતમાં સહકારી પ્રવૃતિઓનો વ્યાપ સમજ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપ્યા હતા. તેમજ અધ્યાપક શ્રી કે.સી.પટેલ દ્વારા સહકારી મંડળીનું મહત્વ અને આજના યુવાધનની વિસ્તૃત સમજ આપી હતી. પ્રા. શ્રી. ભરત સી. સાબલે દ્વારા સહકારી શિક્ષણનું મહત્વ ભારતમાં તેની વિકાસ ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગારી માટે આત્મનિર્ભરતા, સન્માન, ઉચ્ચ જીવન ધોરણના સંદર્ભમાં તેની ઉપયોગીતા સમજાવી હતી. આ ઉપરાંત પ્રા. શ્રીમતી નીતા બી. પટેલે સહકારી મંડળીનો મુખ્ય હેતુ "દરેક પોતાને માટે" નો સ્વાર્થી મૂડીવાદી સિધ્ધાંત નથી પરંતું સહકારી સંગઠનમાં દરેક બધાને અને બધા દરેકને માટે" સિધ્ધાંત દ્વારા સહકારના પાયામાં પરસ્પર સહાય કરવાની ભાવના સમાનતા સેવાવૃતિ વગેરેના ખ્યાલોની વિશદ સમજૂતી આપી હતી. ઉપાચાર્ય ડૉ. શ્રીમતી રશ્મીબેન દેસાઈ દ્વારા પ્રોત્સાહક પ્રવચનથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અને કોલેજના વિદ્યાર્થીઓની પણ એક મંડળી હોવી જોઈએ. તેવો પ્રસ્તાવ મુકાયો હતો. સમગ્ર તાલીમવર્ગનું સફળ સંચાલન વલસાડ જીલ્લા સહકારી સંઘના C.E.I. શ્રી કેતનભાઈ દેસાઈ અને ગીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## વરણી

ગુજરાત સ્ટેટ જુડો એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણી અમદાવાદ ખાતે થયેલ હતી. જેમાં એસોસીએશન ઓફ નવસારી ડીસ્ટ્રીકટના મંત્રી અને નારણલાલા કોલેજ નવસારીમાં શારિરીક શિક્ષણના પ્રાધ્યાપક તરીકે સેવા બજાવતા મયુર એમ.પટેલની ગુજરાત સ્ટેટ જુડો એસોસીએશનમાં ચાર વર્ષ માટે ફરીથી કારોબારી સમિતિના સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે.

## એન.એસ.એસ

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસર ડૉ. દક્ષા ઠાકોરે પારડી તાલુકાના સામરપાડા ગામમાં આવેલ આશ્રમશાળાના બાળકોની મુલાકાત લીધી હતી. બાળકોને સૂકો નાસ્તો, કપડાં, રમકડાં તથા સ્ટેશનરી જેવી કે નોટબુક, રબર, પેન્સિલ, ફુટપટ્ટી, પોર્ટફોલિયો કવર, થેલી વગેરેનું વિતરણ કર્યુ હતું. આ વિતરણ કાર્યક્રમ દરમ્યાન આ બાળકોના વાલી શ્રી બિપિનભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી વજીરભાઈ, શિક્ષિકાઓ ભાવનાબેન, શ્રીમતિ રસ્મિતાબેન તથા અન્ય સ્ટાફમિત્રો ઉપસ્થિત રહયા હતા.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના રાષ્ટ્રીય સેવાયોજના વિભાગના ઉપક્રમે, વાંસદા તાલુકાના ચોંઢા ગામે યોજાયેલ રા.સો.યો.ખાસ શિબિરનું સમાપન થયું હતું. શ્રી પરભુભાઈ ડી. ચવધરી(સરપંચ, ચોંઢા) ના પ્રમુખપદે યોજાયેલ પૂર્ણાહુતિ સમારોહના પૂર્ણાહક અને મુખ્ય વકતા ડૉ. એ.એન.માલવિયા (પ્રોગ્રામ કોઓર્ડિનેટર એન.એસ.એસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.) એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શિબિરાર્થીઓને સેવાનો ધર્મ અને મર્મ સમજાવ્યો હતો પ્રો. ઓ. પ્રા. યોગેશ જે. દેસાઈએ શિબિર પ્રવૃતિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. શ્રી અશોકસિંહ જી. ઠાકોર (આચાર્ય, ડૉ મણિભાઈ દેસાઈ નવચેતન માધ્યમિક શાળા, ચોંઢા) એ પોતાની શાળાની પ્રગતિ ઝાંખી કરાવી હતી. તેમજ શિબિરાર્થીઓને તેમણે કરેલી પ્રવૃતિઓ બદલ બિરદાવ્યા હતા. પ્રો.ઓ.પ્રા. સોનલબેન એસ. વસાવાએ આભારદર્શન તેમજ સમારોહનું સંચાલન કર્યુ હતું. રસ્તાઓનું માટીકામ કુલ ૩૬૦ મીટર, વૃક્ષો ફરતેની માટી ગોડવાનું કામ ૭૫ વૃક્ષો, વૃક્ષોનું રંગકામ ૨૦ કૂંડાં, ઝાડી ઝાંખરોનું સફાઈકામ કુલ ૩૮૦૦ સ્કવેરફીટ, શાળાના શૌચાલયનું સફાઈકામ, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રન ફોર યુનિટી' કાર્યક્રમ (રેલી) સુરતના હનીફભાઈ ચશ્માવાળા દ્વારા સંચાલિત રાહતદરે ચશ્મા શિબિર ૫૪ લાભાર્થીઓ, ભારતીય એગ્રો ઈન્ડ્રસ્ટ્રીઝ ફાઉન્ડેશના ટેનિંગ ઈનચાર્જશ્રી કમલભાઈ ચૌધરી દ્વારા B.A.I.F ના વિવિધ સેવાકીય પ્રોજેકટ્સ વિષે વિસ્તૃત માર્ગદર્શન, અંકલાછ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ.એચ.ડબલ્યુ શ્રી અનિલભાઈ ગાંવિત અને શ્રી સુનિલભાઈ ધુલુમ દ્વારા હાથીપગો, મેલેરિયા, ડૅન્ગ્યુ, લેપ્ટોસિસ એનિમોયા વગેરે રોગો પર પ્રવચનો, પ્રો.ઓ.પ્રા.દેસાઈ દ્વારા એઈડ્સ અને થેલોસિમિયા રોગ વિશે માર્ગદર્શન અને શિબિરાર્થીઓને પેમ્ફલેટ વિતરણ વગેરે જેવી પ્રવૃતિઓ થઈ હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૯/૯/૧૪ના રોજ તિથલ ગામ ખાતે આશ્રમશાળા તેમજ આજુબાજુના વિસ્તારમાં વિવિધ જાતિના ૫૦૦ રોપાઓ અને.એસ.એસ.ના સ્વયંસેવકોએ પ્રા. ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ રોપાઓનું વાવેતર કર્યુ હતું. પ્રા. વી. આર. ચાંપાનેરીએ પૂરક કામગીરી સંભાળી હતી. તા. ૨૪/૯/૧૪ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે એન.એસ.એસ. ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે કુ.સોનાલી પ્રજાપતિ અને કુ.સોનુ પ્રજાપતિએ પ્રાર્થનાની સાથે એન.એસ.એસ.નું લક્ષ્ય ગીત રજૂ કરીને કોલેજના શૈક્ષણિક કાર્યની શરૂઆત કરાવી હતી. આ દિવસે દરેક વર્ગખંડમાં બેટી 'બચાવો' આધારિત વિષયવસ્તુ (થીમ) ઉપર પોસ્ટર અને સ્લોગન લગાવવામાં આવ્યા હતા. જેમાં એફ.વાય.બી.કોમ.- 'ડી' પ્રથમ ક્રમે, એફ.વાય.બી.કોમ.-'સી' દ્વિતીય ક્રમે, અને એસ.વાય.બી.કોમ.-'ડી' તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે કુ. અંજલિ દરજીએ સેવા આપી હતી. આ ઉપરાંત

સામરપાડા સ્થિત આશ્રમશાળાના બાળકો માટે વિદ્યાર્થીઓએ નાસ્તો, સ્ટેશનરી તથા કપડા એકત્રિત કર્યા હતા અને આડત્રીસ સ્વયંસેવકોએ કેમ્પસ સફાઈ કરી હતી. સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. પ્રો. ઓ. ડૉ.દક્ષા ઠાકોર તથા પ્રા. એમ.એ.મુલ્લાએ સંભાળી હતી. એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો શ્રી વિતાન વોરા અને કુ. સોનું પ્રજાપતિની રાષ્ટ્રકક્ષાના પ્રિ.આર. ડી પરેડ કેમ્પ માટે પસંદગી થઈ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની બધી કોલેજ પૈકી માત્ર સાત સ્વયંસેવકોની કેમ્પ માટે પસંદગી થઈ છે તેમાંથી બે સ્વયંસેવકો કોમર્સ કોલેજ, વલસાડમાંથી પસંદગી પામ્યા છે. આ બંને વિદ્યાર્થીઓએ તા. ૧૨/૧૦/૧૪ થી ૨૧/૧૦/૧૪ દરમ્યાન આંધ્રપ્રદેશ ખાતે રાજામુંદરી ગામે દસ દિવસીય કેમ્પમાં ભાગ લીધો.

## વૃક્ષારોપણ

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એન.સી.સી. યુનિટ દ્વારા તા.બીજી ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ રાષ્ટ્રીય સફાઈ અભિયાનના ભાગ અંતર્ગત એન.સી.સી. કેડેટો દ્વારા સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સાથે સાથે તા. ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો. આ બંને કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલે કર્યુ હતું. આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયક અને સમગ્ર સ્ટાફ પરિવાર આ કાર્યક્રમોના સહભાગી બન્યા હતા.




નારણ લાલા કોલેજ કેમ્પસ, નવસારીમાં વન્ય પ્રાણી સપ્તાહ અને વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે નાયબ વનસંરક્ષણ અધિકારી શ્રી આર. ધનાપાલ, કોલેજના ચેરમેન શ્રી મહેશભાઈ કંસારા, ડાયરેક્ટર ડી. આર. સી. ગાંધી, ડૉ. દિનુભાઈ નાયક અને ડો.ચેતનભાઈ લાડ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત મહેમાનો, અને કોલેજ પરિવારે ૮૦૦ છોડવાઓની રોપણી કરી હતી. તેમજ વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્નેક અવેરનેસ પ્રોગ્રામ અને નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલયના આસિસ્ટન્ટ પ્રોફેસર આદિલ કાઝીએ વન્ય પ્રાણીઓ વિશે વિસ્તૃત તેમજ રોચક માહિતી આપતું પ્રેઝન્ટેશન રજૂ કરી વિદ્યાર્થીઓને વન્ય પ્રાણી પ્રેમ સંબંધી પ્રેરણા પૂરી પાડી હતી.

## જ્ઞાન સપ્તાહ

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્., અંકલેશ્વરમાં તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ સ્વર્ણિમ ગુજરાત જ્ઞાનધારા અંતર્ગત શૈક્ષણિક દ્રષ્ટિકોણથી "શિવખેડા પ્રસ્તુત-રાષ્ટ્ર સર્વપ્રથમ" ફિલ્મ નિહાળી હતી. એટલું જ નહિ ફિલ્મના અંત સૌ ભાવિ શિક્ષકો અને અધ્યાપકોએ પ્રવર્તમાન સમયમાં રાષ્ટ્રીય એકતા અંતર્ગત સર્વધર્મ સમભાવ, રાષ્ટ્ર પ્રેમ, ભાવાત્મકતા, સહકાર, ઐક્ય, બંધુત્વ, સંપ, સહિષ્ણુતા, કોમવાદ, રાજકારણ, ભ્રષ્ટાચાર વગેરે વિષયો પર ચર્ચા કરી હતી.

## જ્ઞાન સપ્તાહ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં જ્ઞાનસપ્તાહ અંતર્ગત શિક્ષક સન્માન ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખસ્થાને આચાર્ય ડૉ, ભારતીબેન પંચોલી અને મુખ્ય મહેમાન નિવૃત પ્રાધ્યાપિકા સુધાબેન ડી. રાવલ હતા. સપ્તાહ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાના વિજેતાઓ અને સ્વ-શિક્ષણ તથા અધ્યાપન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પ્રમાણપત્રો તથા ભેટ સ્વરૂપે પુસ્તકો પ્રા. સુધાબેન રાવલ તથા આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. જ્ઞાનસપ્તાહ અંતર્ગત કેમ્પસ સફાઈ, સુલેખન સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ્સ કાઉન્સિલની જીમખાના કમિટિ અને ખેલકૂદ યોગ વ્યાયામધારા હેઠળ કેરમ અને ચેસ સ્પર્ધાનું આયોજન વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. સ્વ-શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત શિક્ષકદિન ઉજવણીમાં વિદ્યાર્થીઓએ વિવિધ વર્ગખંડોમાં જઈ અધ્યાપન કાર્ય કર્યું હતું. આ ઉપરાંત કાવ્યપઠન સ્પર્ધા, ગાંધી-સરદાર પટેલ જીવન કવન સ્પર્ધા, પોસ્ટર પ્રેઝન્ટેશન તેમજ મોડેલ મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જ્ઞાનસપ્તાહની બધી પ્રવૃતિઓ આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી તેમજ અધ્યાપકોની દેખરેખ હેઠળ સંપન્ન થઈ હતી.

## અભિવાદન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે કોલેજના પ્રથમ સત્રના છેલ્લા દિવસે શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપક અને કોલેજના અનુસ્નાતક વિઝીટીંગ અધ્યાપક ડૉ. શ્રી વિનોદભાઈ પટેલે પી.એચ.ડી. ની ઉચ્ચતમ ડિગ્રી મેળવવા બદલ અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અભિવાદન કાર્યક્રમમાં પ્રમુખસ્થાને થી પ્રિ.ડૉ.જે.એમ.નાયકે ડૉ. વિનોદ પટેલની અભિનંદન આપતાં જણાવ્યું હતું કે કોલેજના અધ્યયનની સાથે સાથે એક વિદ્યાર્થી બનીને નવું શીખતા રહીને તથા સમાજોપયોગી સંશોધન કરીને શિક્ષક આલમને નવો રાહ ચીંધ્યો છે. આ શુભ પ્રસંગે કોલેજના સુકાની દ્વારા ડૉ. વિનોદભાઈ પટેલનું અભિવાદન પ્રમાણપત્ર અને એપ્રિસીએશન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ડૉ. વિનોદભાઈ પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે વલસાડ કોમર્સ કોલેજના પ્રગતિશીલ આચાર્ય ડૉ. જે. એમ. નાયકની હકારાત્મક શૈલીનો હું સાક્ષી છું. એમની ચીવટાઈ આંખે ઊડીને વળગે એવી છે મારા સન્માન માટે એમનો હું આભારી છું આભારવિધિ પીજી ઈન્ચાર્જ આર. પી. પટેલે કરી હતી. કોલેજનાં છેલ્લા ૨૬ વર્ષોથી એડહોક ગ્રાઉન્ડમેન તરીકે સેવા આપી રહેલા શ્રી ઉત્તમભાઈ રાઠોડનું સ્ટુડન્ટસ કાઉન્સિલ ૨૦૧૪-૧૫નાં ઉપક્રમે અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્ટાફની સાથે ઉપસ્થિત તમામ સી. આર. અને એલ.આરે. ઊભા થઈને શ્રી ઉત્તમભાઈને સ્ટેન્ડીંગ ઓવીએશન આપી કદર કરી હતી.

## NET

શ્રીમતી તનુબેન એન્ડ. ડૉ. મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફોરમેશન સાયન્સ, સુરતના આસીસ્ટન્ટ પ્રોફેસર શ્રી ભરતભાઈ સી. પટેલે ગુજરાત સ્ટેટ એલીજીબિલીટી ટેસ્ટ સપ્ટેમ્બર ૨૦૧૩માં, UGC National Eligibility Test ડિસેમ્બર ૨૦૧૩ માં Computer Science and Application વિષયમાં ઉત્તિર્ણ કરેલ છે.

## પુસ્તક

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજમાં લાયબ્રેરી સમિતિના નેજાહેઠળ ત્રીસમા મણકાના પ્રસંગે ધરમપુરની વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રા. ડૉ. મીતાબેન પારેખે ડૉ. દોલતભાઈ દેસાઈ લિખિત પુસ્તક ''વાણી બોલીએ જાણી તો સમૃધ્ધિની સરવાણી'' નો પરિચય કરાવ્યો હતો.

## આરોગ્ય



શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં એફ.વાય.બી.આર.એસ. ના વિદ્યાર્થીઓની શારીરીક મેડિકલ તપાસ આયોજન હેઠળ વિદ્યાપીઠના વૈદ્યરાજ કુ. ફાલ્ગુનીબેન જે. ચાવડાના સાનિધ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભેટાસીના મેડિકલ ઓફિસર શ્રી ડૉ. આર. બી. પરમાર તથા તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં પતંજલી યોગપીઠના પશ્ચિમ વિભાગના મહિલા વિભાગનાં પ્રભારી હેતલબેન દેસાઈની નિશ્રામાં શ્રી હરીશભાઈ ટંડેલ અને શ્રી વિજયભાઈ દાદાવાલાના માર્ગદર્શન હેઠળ ત્રિદિવસીય યોગ-પ્રાણાયમ શિબિર સંપન્ન થઈ. જેમાં વિદ્યાર્થીઓએ તાલીમ લઈ યોગ-પ્રાણાયમને પોતાના માટે કાયમી બનાવવા અને અન્યોને પણ પ્રેરિત કરવાનો સંકલ્પ કર્યો હતો. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે સહુનું અભિવાદન કરી યોગ પ્રાણાયમની અનિવાર્યતા પર ભાર મૂકયો હતો. સપ્તધારાની યોગ-પ્રાણાયમની ધારાના મંત્રી અને જી.એસ. શ્રી દિપક પટેલે ઋણ સ્વીકાર કર્યો હતો.

## કમ્પ્યૂટર કોર્સ

તા.૨૦/૯/૧૪નાં રોજ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં કોમ્પ્યૂટર કોર્ષના સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોમ્પ્યૂટર બેઝીક અને ટેલી કોર્ષમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે દોલત ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સના પ્રા. સ્નેહલભાઈ જોષી ઉપસ્થિત રહયા હતા. જેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે એવા ઉદાહરણો આપ્યા હતા. તેમજ પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પણ પ્રસંગોચિત સંબોધન કર્યું હતું. વિદ્યાર્થીઓએ કોમ્પ્યૂટર સેન્ટર અંગેના પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતાં. વિદ્યાર્થીઓએ પ્રતિભાવો પણ રજૂ કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન કોમ્પ્યૂટર સેન્ટરના હેડ હેલીબેન ઉપાધ્યાયે કર્યું હતું.

## સ્પર્ધા

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ, સુરતમાં વાર્ષિક રમતોત્સવનું ઉદ્દઘાટન ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, ચેસ, કેરમ, કોથળા દોડ ૧૦૦ મી. દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, લંગડી દોડ, ખો-ખો વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઈ.ચા.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ અને પ્રા. ડૉ. મિનાક્ષીબેન જરીવાલાએ કર્યું હતું.

શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તાઃ૨૪/૧૧/૧૪ના રોજ વ્યસન મુકિત અંગેની જાગૃતતા કેળવવા માટે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં દેસાઈ રિયાએ પ્રથમ ક્રમ અને પટેલ પાયલે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ભાવસાર પાયલ અને પ્રા. ધુલિયા શિતલે ભજવી હતી. ચિત્ર સ્પર્ધામાં તાલવિયા કુંજાએ પ્રથમ ક્રમ અને જાદવ રાજપ્રિયાએ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વૈદ્ય રેશ્મા અને પ્રા. દરોગા અમરીને ભજવી હતી. નિબંધ સ્પર્ધામાં પટેલ પ્રિયંકાએ પ્રથમ ક્રમ અને નાયક યસ્વીએ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વણકર અરવિંદ અને પ્રા. ગજ્જર યશસ્વીએ ભજવી હતી.

બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી અને સત્યાગ્રહ હોસ્પિટલ તથા રોટરી કલબના સંયુકત ઉપક્રમે સમુદાય સેવા ધારા અંતર્ગત તા : ૧/૧૨/૧૪ને વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે જન જાગૃતિ લાવવા માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલી વિસ્તારના ધારા સભ્ય શ્રી અનિલભાઈ પરમાર અને નગરપાલિકાના પ્રમુખશ્રી દિનેશભાઈ દેસાઈએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં લીલી ઝંડી ફરકાવી રેલીને પ્રસ્તાન કરાવ્યું હતું. તાલીમાર્થીઓ તથા આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ તથા અધ્યાપકોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આજ દિવસે એઈડ્સને લગતી કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાર ટીમ મળીને ૧૬ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ટીમ D ના તાલીમાર્થીઓ રાવલ ઋચા, પુરોહિત કામિની, ચૌધરી પ્રિયંકા તથા ટીમર કમલેશ વિજેતા રહયા હતા.

શ્રી એસ.આર.પટેલ બી.એડ કોલેજ, સુરતમાં તા. ૨૯/૧૧/૧૪ના રોજ યોજાયેલ શીઘ્ર વકૃત્વ સ્પર્ધામાં ભામ રાબીયા પ્રથમ ક્રમે અને પટેલ ચિંતન બીજા ક્રમે વિજેતા થયેલા હતા. આ સ્પર્ધામાં પ્રા. દરોગા અમરીન અને પ્રા. ભાવસાર પાયલે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

## ઉજવણી

શ્રી એસ.આર.પટેલ બી.એડ્ કોલેજ સુરતમાં ૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિનની ઉજવણી પ્રસંગે નગર પ્રા.શાળા ક્રમાંક ૭૦ બોમ્બે માર્કેટમાંથી નિવૃતિ થયેલા હસમુખભાઈ ચૌહાણનું પુસ્તક અને સાલ ઓઢાડી આચાર્ય ડૉ. એ. કે. ટાંકે સન્માન કર્યું. તા. ૧૩/૧૧/૧૪ના રોજ મકરંદ દવેની જન્મ જ્યંતી પ્રસંગે મૈસુરિયા હેમલતા અને અન્ય તાલીમાર્થીઓએ જીવન-કવન અને પટેલ વિભૂતિ તથા અન્ય તાલીમાર્થીઓએ કાવ્યગાન કર્યું. તા. ૧૪/૧૧/૧૪ના રોજ બાળ દિન નિમિત્તે પટેલ ફાલ્ગુની અને અન્ય તાલીમાર્થીઓએ બાળગીત અને રાઠોડ ટીનાએ નહેરુના જીવન ઘડતર અને શિક્ષણ પર વકતવ્ય આપ્યું હતું. તા.૧૭/૧૧/૧૪ના રોજ ગીજુભાઈ બધેકા જન્મ જ્યંતિ નિમિત્તે મૈસુરિયા ફેનલે તેમજ અન્ય તાલીમાર્થીઓએ તેમના જીવન કવન પર વકતવ્ય આપ્યું હતું. તા. ૧૯/૧૧/૧૪ના રોજ ઈન્દિરા ગાંધી જન્મ જ્યંતી પ્રસંગે પટેલ નિમેશ અને અન્ય તાલીમાર્થીઓએ તેમના જીવન-ઘડતર વિષે ઝાંખી કરાવી હતી. તા. ૧/૧૨/૧૪ના રોજ વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી પ્રસંગે તાલીમાર્થી શીંગ રોમીએ એઈડસ વિશે વ્યકતવ્ય આપ્યું હતું અને મૈસુરિયા ફેનલે પી.પી.ટી. દ્વારા રજૂઆત કરી હતી. ત્યાર બાદ લોકજાગૃતિ માટે વિવિધ બેનરો સાથે મૌન રેલી કાઢવામાં આવી. અંતમાં સંકુલ

નિયામક મહેશભાઈ પટેલ તથા આચાર્ય ડૉ. અરવિંદ ટાંકે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું, ત્યારબાદ તાલીમાર્થીઓ અને અધ્યાપકોના પ્રતિભાવ લઈ આભારવિધિ પ્રા. રેશ્મા વૈદ્યએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન પ્રા. અરવિંદ વણકર અને પ્રા. યશસ્વી ગજ્જરે કર્યું હતું. તા. ૨/૧૨/૧૪નાં રોજ શ્રીમદભગવદગીતા જયંતિની ઉજવણી પ્રસંગે સંસ્કૃત પધ્ધતિના તાલીમાર્થીઓ દ્વારા શ્લોક, પ્રાર્થના મધુરાઅષ્ટકમ, ગીતાસાર ગીત, ભગવદ્ ગીતાનું મહાત્મ્ય રજૂ કરતુ વકતવ્ય, ગીતનું ભાવગીત અગિયારમો અધ્યાય-વિશ્વરૂપદર્શનયોગની વિડિયો, બારમાં અધ્યાયનું ગાન, કર્મયોગના અનુસંધાનમાં વિડિયો રજૂ કરવામાં આવ્યો. કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા.રેશ્મા વૈદ્યએ અને સંચાલન તાલીમાર્થી જોષી કિંજલ અને તનપૂરે મનીષએ કર્યું હતું તથા આભારવિધિ પટેલ પંકજે કરી.

૬ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧/૧૨/૧૪ના રોજ 'એઈડ્સ દિવસની' ઉજવણી પ્રસંગે પ્રા.પાર્થ દેસાઈએ "એઈડ્સ જાગૃતિની" વિષે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. તેમજ અન્ય તાલીમાર્થીઓએ વિગતે માહિતી રજૂ કરી નાટકની રજૂઆત કરી. અંતે ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. કમલેશભાઈ ડામોરે પ્રસંગોચિત ઉદ્ઘાટન પાઠવ્યું હતું. તા. ૨/૧૨/૧૪ના રોજ ગીતા જયંતીની ઉજવણી પ્રસંગે પ્રા. સુનિલભાઈ ખલાસીએ ભગવદ ગીતા પ્રત્યેના પોતાના ભાવો રજૂ કર્યા હતા.

૭ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં લાયબ્રેરી કમિટિના ઉપક્રમે ૨૦/૧૧/૧૪ના રોજ કોલેજની લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.

## વ્યાખ્યાન

૧ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના વાણિજ્ય વિભાગના પૂર્વ અધ્યક્ષ સ્વ.પ્રા.આર.પટેલની સ્મૃતિમાં "સ્વ.આર.આર.પટેલ મેમોરિયલ ફંડ" માંથી બ્રહ્માકુમારી રંજનદીદી દ્વારા 'જીવન એક ખેલ' વિષય ઉપર અપાયેલા પરેક અને મનનીય વ્યાખ્યાનથી સ્વર્ગસ્થને પ્રથમ પૂણ્યતિથીએ ગરિમાપૂર્ણ શ્રધ્ધાંજલિ અપાઈ હતી. પ્રિ.ડૉ.જે.એમ. નાયકે વ્યકિતના અવસાનથી પડેલી ખોટને તેમના સદવિચારો અને સદકાર્યો દ્વારા ક્રિયાન્વિત કરવાથી પૂરી શકાય તેવો ખ્યાલ રજૂ કર્યો હતો. બ્રહ્માકુમારી રંજનદીદીએ જીવન અને મૃત્યુનાં ઘટનાક્રમને સવાર અને સાંજ તથા સુખ દુઃખના રૂપક દ્વારા સમજાવી જીવન તથા મૃત્યુ કર્મોને અધીન છે, તોફાનો દ્વારા વ્યકિતને અનુભવો મળે છે, તથા મૃત્યુની સહજતા સ્વીકારવા આધ્યાત્મિકતાની જરૂર હોવા પર ભાર મૂકયો હતો. આ પ્રસંગે સ્વર્ગસ્થની સ્મૃતિ માટે તેમના પરિવાર તરફથી કોલેજના વિદ્યાર્થી કલ્યાણની પ્રવૃતિ માટે દાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડિબેટકામિટીના અધ્યક્ષ પ્રા.કે.સી.પટેલે કર્યું હતું. પ્રા. ડો. દક્ષા ઠાકરે શારદામઠ, વલસાડ દ્વારા આયોજીત રાષ્ટ્રીય યુથ કન્વેન્શન કાર્યક્રમમાં તા. ૨૨/૧૧/૧૪ના રોજ "સ્ત્રી શકિત વિના જગતનું પુનઃનિર્માણ અશકય છે" વિષય ઉપર ઉપસ્થિત ૮૦૦ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું.

## વર્કશોપ

૫ એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ના દ્વિતીય સત્રના પ્રથમ દિવસે Teching and Learning in 21st century વિષય અંતર્ગત વર્કશોપ યોજાયો. ત્યાર બાદ તા.૧૩/૧૧/૧૪ના દિવસે ધ મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ઓફ બરોડાના શિક્ષણ વિભાગના ડિન ડૉ. રમેશચંદ્ર કોઠારીની અધ્યક્ષતામાં પ્રથમ સત્રાંત શુભારંભ યોજાયો. ડૉ. કોઠારીએ ભાવી શિક્ષકોને દ્વિતીય સત્રના અંતે સફળ શિક્ષક અને તેવા આર્શિવાદ આપ્યા હતાં. વર્કશોપનું સંચાલન મોનલ પટેલ અને પરિતા પટેલ, મહેમાન પરિચય પ્રશિક્ષણાર્થી રોમા મૈસુરીયા, સ્વાગત પ્રવચન નિયામકશ્રી પ્રકાશ મહેતા, મહેમાનનું પુસ્તકથી સ્વાગત ટ્રસ્ટશ્રી ઉત્પલભાઈ શાહ અને ઈ.પ્રાચાર્ય કલ્પેશ પટલે આભાર વિધિ કરી.

## મુલાકાત

૫ વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. સુરત દ્વારા શ્રી મોઢેશ્વરી હિતવર્ધક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હરિ-લીલા છાંયડો વૃધ્ધાશ્રમ પાલ-ભાઠા મુકામે મુલાકાત લેવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલ, પ્રાધ્યાપકગણ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થન, ગણેશ વંદના ગરબા, ભજન, નાટક જેવી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના ભાગરૂપે ઈ.આચાર્યશ્રી ડૉ.દિલીપભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કર્યુ હતું. જેમાં ઉદ્ઘોષક તરીકેની ભૂમિકા મલેક સાજીદા અને કડિયા એકતાએ ભજવી હતી. ત્યાંના વડીલો દ્વારા પણ વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, ઈ.આચાર્યશ્રી ડૉ.દિલીપભાઈ પટેલે પ્રાધ્યાપકગણ તથા તાલીમાર્થીઓ દ્વારા જીવન જરૂરિયાતની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

## રિસર્ચ પ્રોજેકટ

૧ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના પ્રા.કે.આર. ભાવસાર દ્વારા "કમ્પરેટીવ સ્ટડીઝ ઓફ રેઈટ ઓફ મોર્ટાલીટી ઓફ રૂરલ અને અર્બન એરિયા ઓફ વલસાડ ડિસ્ટ્રીકક" પ્રા. એસ. ઝેડ. પટેલ દ્વારા "એનાલીટીકલ સ્ટડી ઓફ કન્ઝયુમર બિહેવીયર ઈન રેડીમેડ ગાર્મેન્ટ ઈન વલસાડ ડિસ્ટ્રીકક", પ્રા. એમ. મુલ્લા દ્વારા "ગેપ બીટવીન એકેડેમીક આઉટપુટ એન્ટ ઈન્ડસ્ટ્રીયલ રીકવાયરમેન્ટ ઈન વલસાડ ડિસ્ટ્રીકટ", પ્રા. વી. આર. ચાંપાનેરી દ્વારા" પ્રોફેશનલ એપ્રોચ ટુવર્ડઝ કોમ્પીટીટીવ એકઝામ ઓફ ધી કોમર્સ સ્ટુડન્ડસ", પ્રા.કે.સી.પટેલ દ્વારા" વોટર મેનેજમેન્ટ ઈન એગ્રીકલ્ચર ઓફ સાઉથ ગુજરાત" અને પ્રા. એમ.જી.પટેલ દ્વારા" સ્ટીઝ ઓફ એન એટીયુડ ઓફ કોમર્સ સ્ટુડન્સ ટુવર્ડઝ પ્રીપેરેશન ઓફ યુ.પી.એસ.સી. સીવીલ સવીર્સીઝ એકઝામ" વિષય પર રિસર્ચ પ્રોજેકટ ની મંજૂરી યુ.જી.સી.એ આપી છે.


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian

Published by : Dr. J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com